ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# કોરોના વકર્યો : શહેરમાં નવા ૨૧૯ કેસ

**૫૪ દર્દી સાજા થતા ડિસ્ચાર્જ અપાયું : કુડાસણમાં ૨૯, વાવોલમાં ૧૮, સરગાસણમાં ૧૮, પેથાપુરમાં ૬, કોલવડામાં ૪, રાંદેસણમાં ૫, રાયસણમાં ૧૦, સે. ૭ માં ૧૪, સે. ૨, ૩ માં ૧૧, સે. ૨૨, ૧૪, ૨૧માં ૭-૭ કેસ, સે. ૨૯, ૨૭માં ૬-૬ કેસ, સે. ૨૩ માં ૫ કેસ : બાળ-દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે : શહેરમાં કોરોનાના કેસો જે ગતિએ વધી રહ્યા છે તેને લઈ તંત્રએ કોરોના ગાઈડલાઈન્સનું પણ અમલીકરણ થાય તે માટે સૂચનાઓ આપી છે**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે ૨૧૯ કેસ નોંધાયા છે. શહેરમાં આ સાથે કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૬૦૦ને પાર કરી ગયેલ છે.

શહેરમાં વધતા જતા સંક્રમણને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં જોકે હોસ્પિટલાઈઝેશન દર ઓછો છે અને હોમ આઈસોલેશનનો વિકલ્પ દર્દીઓ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા સૂચનાઓ આપી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૮૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ૬ દર્દી ૧૦ વર્ષથી ઓછી વયના છે. સે. ૬ માં ૬ વર્ષની બાળકી, ભાટમાં ૪ વર્ષનું બાળક, આઈઆઈટીમાં ૭ વર્ષની દિકરી, કુડાસણમાં ૪ વર્ષનું બાળક, રાયસણમાં ૭ વર્ષનું બાળક, રાંદેસણમાં ૮ વર્ષની દિકરી સંક્રમિત થયેલ મળી આવેલ છે. બાળ-દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

આજે નોંધાયેલા કેસોમાં ૨૧ દર્દી ૬૦ વર્ષ કે તેથી વધુ વયના છે તો ૨૦ દર્દી ૧૦થી ૨૦ વર્ષની વયના છે.

ગાંધીનગર શહેરના સેક્ટરોમાં ૧૧૯ જેટલા કેસ નોંધાયા છે તો ગ્રામ્ય વિસ્તારમાં પણ ૧૦૦ જેટલા કેસ નોંધાયા છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર પેથાપુરમાં ૬, રાંદેસણમાં ૫, કુડાસણમાં ૨૯, વાવોલમાં ૧૮, કોલવડામાં ૪, રાયસણમાં ૧૦, ભાટમાં ૪, સરગાસણમાં ૧૯, કોબામાં ૩ ઉપરાંત સુઘડ, કોબામાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરના સેક્ટરોમાં સે. ૭ જે બીજી લ્હેરમાં સંવેદનશીલ હતુ ત્યાંથી આજે ૧૪ કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. સે. ૩ અને ૨ માં પણ ૧૧-૧૧ કેસ મળ્યા છે. સે. ૨૨, ૧૪ અને સે. ૨૧માં ૭-૭ કેસ, સે. ૨૭, ૨૯ માંથી ૬-૬ કેસ, સે. ૨૫ માંથી ૩, સે. ૨૩ માંથી ૫, સે. ૫ માંથી ૪, સે. ૨૬માંથી ૩, સે. ૪ માંથી ૩, સે. ૬ માંથી ૩, ઈન્ફોસીટીમાંથી ૪, આઈઆઈટીમાંથી ૬ અને જીઈબી, સે. ૧૦, સે. ૧૮, સે. ૧૩ માંથી પણ કેસ મળી આવેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના દર્દીઓનું મોનીટરીંગ અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે તેમજ કન્ટેનમેન્ટ ઝોનના નિયમની અમલવારી પર ધ્યાન કેન્દ્રીત કરવા જણાવ્યુ છે.

શહેરમાં કોરોનાના કેસો જે ગતિએ વધી રહ્યા છે તેને લઈ તંત્રએ કોરોના ગાઈડલાઈન્સનું પણ અમલીકરણ થાય તે માટે સૂચનાઓ આપી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસો સાથે એક્ટીવ કેસની સંખ્યા ૧૧૦૦થી વધુ છે જ્યારે ૬૦૦થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે. શહેરમાં ૧૦ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલા છે.

શહેરમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યુ છે પરંતુ રિકવરી રેટ પણ સારો હોવાનો દાવો કરતાં તંત્રએ જણાવ્યુ છે કે આજે ૫૪ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે જ્યારે ગઈકાલે ૯૪ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ હતુ. આમ બે દિવસમાં જ ૧૫૦થી વધુ દર્દીઓ રિકવર થઈ ગયા છે. શહેરમાં હોસ્પિટલાઈઝેશન રેટ પણ ઓછો છે આજે માત્ર ૪ જેટલા દર્દીઓ જ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

## પંચાયતમંત્રી મેરજા, ધારાસભ્ય ડૉ. ચાવડા, કમિશનર ડૉ. ધવલ પટેલ કોરોનાથી સંક્રમિત

**બીજી લ્હેર વખતે પણ ચાવડા સંક્રમિત થયા હતા ત્યારે તેમને મહેતા હાર્ટ ઈન્સ્ટીટ્યુટમાં દાખલ કરાયા હતા**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર ડૉ. ધવલ પટેલ કોરોનાથી સંક્રમિત થયા છે અને તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

મળતી વિગતો પ્રમાણે તાવ આવતો હોવાથી તેમણે ટેસ્ટ કરાવતાં તેઓ પોઝીટીવ આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં રહેતા સાણંદના મામલતદાર પણ કોરોનાથી સંક્રમિત થયા છે. ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા પણ કોરોનાથી સંક્રમિત થયા છે. બીજી લ્હેર વખતે પણ ચાવડા સંક્રમિત થયા હતા ત્યારે તેમને મહેતા હાર્ટ ઈન્સ્ટીટ્યુટમાં દાખલ કરાયા હતા. આ વખતે તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. રાજ્ય ગૃહમંત્રી બાદ આજે રાજ્ય પંચાયત મંત્રી બ્રિજેશ મેરજાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. મેરજાએ ટ્વીટ કરી આ અંગેની જાણકારી આપી છે. મેરજાએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

## એક જ દિવસમાં ત્રણ ગણા ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૨ કેસ

**૩૦ દર્દીઓ સાજા થતાં ડિસ્ચાર્જ : દહેગામમાં ૧૪, ગાંધીનગરમાં ૪૪, કલોલમાં ૨૫, માણસામાં ૧૯ કેસ : માલતદાર, શિક્ષક, મેડીકલ ઓફિસર, ૨૫ મહિલા, ૧૮ વિદ્યાર્થી સંક્રમિતોની યાદીમાં**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે ૧૦૨ કેસ નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૭૨૪ પર પહોંચી છે.

આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામ અને માણસામાં પણ કોરોનાના કેસોની સંખ્યા વધતાં તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ગ્રામીણ વિસ્તારમાં પણ સંક્રમણનો રેટ ૮ ટકાને પાર કરી ગયો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યામાં સતત વધ-ઘટ રહેતી હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામીણ વિસ્તારમાં કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણ અને ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા માટે તાકીદ કરવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૧૪ કેસ, ગાંધીનગરમાં ૪૪, કલોલમાં ૨૫, માણસામાં ૧૯ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે રિક્ષા ડ્રાયવર, એક મેડીકલ ઓફિસર, ૧ શિક્ષક, ૧૮ વિદ્યાર્થી, ૨૫ મહિલા, ૧ મામલતદાર, પાંચ ખેડૂતોનો સંક્રમિતોની યાદીમાં સમાવેશ થાય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાથી સંક્રમિત થનાર વિદ્યાર્થી અને મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

દહેગામ તાલુકામાં આજે ૧૪ કેસ નોંધાયા છે. જેમાંથી ૮ કેસ દહેગામ શહેરમાં નોંધાયા છે. કમલ બંધ વાસણા, સાણોદા, કરોલી, સાહેબજીના મુવાડા ખાતે એક-એક કેસ તેમજ બહિયલમાં બે કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૪૪ કેસ નોંધાયા છે. ૨૦ કેસ અડાલજમાંથી મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. પાંચ કેસ છાલામાંથી, બે કેસ ગિયોડમાંથી, પીંપળજમાંથી બે કેસ નોંધાયા છે. આ ઉપરાંત ડભોડા, સીઆરપીએફ લેકાવાડા, મોટી શિહોલી, રૂપાલ, ઉનાવા, લવારપુર, પિંડારડા, બી.એસ.એફ. આલમપુર, ઈફકો (શેરથા), મગોડી અને વડોદરામાંથી કેસ મળી આવેલ છે.

કલોલમાંથી આજે ૨૫ કેસ મળી આવ્યા છે જેમાં ૧૬ કેસ કલોલ શહેરમાંથી મળ્યા છે. આ ઉપરાંત ધાનજ પી.એચ.સી.ની હદમાં આવેલ વૉટરલીલી જાસપુરમાંથી એક કેસ, કરોલીમાંથી એક કેસ, ડીંગુચા, પાનસરમાંથી એક એક કેસ, વડાસ્વામીમાંથી બે કેસ, છત્રાલ, રાંચરડા, સઈજમાંથી પણ એક એક કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં આજે ૧૯ કેસ નોંધાયા છે. જેમાં મહુડીમાં ૪ કેસ, માણસા અર્બનમાં ૬ કેસ, પુંધરામાં ૪ કેસ, પ્રતાપપુરામાં એક કેસ, વિહારમાં એક કેસ, અનોડિયામાં એક કેસ, રાજપુરા અને માણકપુરમાં પણ એક એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં આજે ૩૦ દર્દી સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૧૯૩ દર્દીઓ રિકવર થઈ ચુક્યા છે અને ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્ર કરી રહ્યું છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૩૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

તંત્રએ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું અસરકારક મોનીટરીંગ કરવા સાથે ક્વોરોન્ટાઈન અને કન્ટેનમેન્ટના નિયમોની અમલવારી પણ અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

## શહેર-જિલ્લામાં કોરોનાનો કયો વેરિયેન્ટ છે ? લોકજીભે તબીબી આલમમાં ચર્ચા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા જે રીતે વધી રહ્યા છે તેને લઈ શહેરમાં શુ ઓમિક્રોન વેરિએન્ટનો હુમલો તો નથી ને તે વાતને લઈ લોકજીભે અને તબીબી આલમમાં ચર્ચાઓ શરૂ થઈ છે.

જો કે તંત્ર કોરોના વેરિયેન્ટને લઈ કંઈજ કહેવા તૈયાર નથી. શહેરમાં જે રીતે કોરોનાનો પોઝીટીવીટી રેટ વધીને ૧૫ ટકાની નજીક પહોંચ્યો હોવાથી આવી ચર્ચાઓ થાય તે પણ સ્વાભાવિક છે. કોરોનાના લક્ષણો માઈલ્ડ જોવા મળી રહ્યા છે તેમજ શરદી-ખાંસીથી સંક્રમિત થવાની વાતો વધુ સાંભળવા મળી રહી છે.

શહેરમાં અને જિલ્લામાં જાન્યુઆરીના પ્રથમ પખવાડિયામાં જ ૨૫૦૦ જેટલા કેસ નોંધાયા છે. શહેરમાં તો કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૭૦૦એ પહોંચવા આવી છે.

શહેર અને જિલ્લામાં હવામાન પણ પલ્ટાયુ છે. કોલ્ડવેવ તીવ્ર બની રહ્યુ છે ત્યારે સરકાર કયો વેરિએન્ટ છે તેને લઈ સત્વરે જાહેરાત કરે તેમ સૌ કોઈ ઈચ્છી રહ્યા છે. ગાંધીનગરમાં આમ તો ઓમિક્રોનના સત્તાવાર કેસનો આંક શહેરમાં ૧૦ અને ગ્રામ્યમાં એક જ દર્શાવવામાં આવી રહ્યો છે.


# શહેરમાં કાતિલ કોલ્ડવેવ અને કોવિડ સંક્રમણ વચ્ચે સંક્રાતની ઉજવણી

**પતંગ રસિયાઓ માટે પવન સાનુકુળ રહેતા મોજ પડી : કોલ્ડવેવ અને કોરોનાના સંક્રમણના લીધે ધાબા પર પતંગરસિયાઓની ૫૦ ટકા હાજરી ઘટી : શનિવારની રજા જાહેર થતા કેટલાક પરિવારો ગાંધીનગર બહાર નિકળી ગયા**

ગાંધીનગર તા ૧૫

કાતિલ કોલ્ડવેવ અને કોરોનાના સંક્રમણ વચ્ચે ગાંધીનગરમાં ઉતરાયણ પર્વની રંગેચંગે ઉજવણી થઇ હતી. સેકટરોની શેરીઓ ..ધાબાઓ...કાપ્યો છે...અને લપેટ..ની બુમોથી ગાજી ઉઠયા હતા. એકબાજુ કોરોનાનો ખતરો અને સુસવાટા મારતા કાતિલ કોલ્ડવેવ વચ્ચે પણ પતંગ રસિયાઓએ પતંગોત્સવની મજા લીધી હતી. પતંગ ચગાવાની સાથે ચટાકેદાર ઉંધીયુ જલેબી લિજ્જત સાથે સાંજે આંતશબાજી અને ધાબા પર ગરબે ઘુમી ઉતરાયણ પર્વની ઉજવણી સેકટરવાસીઓએ શાનદાર બનાવી હતી. બાળકોએ પણ અવનવા પતંગોની સાથે વિવિધ પ્રકારના ગેસ ગુબ્બારા સાથે આકાશી નઝારાને વધુ ભવ્ય બનાવ્યો હતો. ઉતરાયણ અને વાસી ઉતરાયણના પર્વ દરમિયાન પવન ફેવરેબલ રહેતા પતંગરસિયાઓ ગેલમાં આવી ગયા હતા શહેરમાં ઉતરાયણનુ પર્વ ઉલ્લાસપુર્ણ સંપન્ન થયુ હતુ. જયારે શનિવારની રજા જાહેર થતા કેટલાક પરિવારજનો ગાંધીનગર બહાર નિકળી ગયા હતા. જો કે કોવિડ અને કોલ્ડવેવના લીધે સેકટરોના ધાબા પર પતંગ રસિયાઓની હાજરી ૫૦ ટકા જ જોવા મળી હતી.

ગાંધીનગરમાં ઉતરાયણ પર્વની મજા પતંગરસિયાઓએ દીલ દઈને માંણી હતી. ઉતરાયણ અને વાસી ઉતરાયણ તેમ બન્ને દિવસે પવન ફેવરેબલ રહેતા પતંગરસિયાઓને મજા પડી ગઇ હતી. સેકટરોમાં મકાનોના ધાબા પર લપેટ ..ની બુમોથી ગાજી ઉઠયા હતા. ઉતરાયણના દિવસે સવારથી જ સુસવાટા મારતો પવન ફુંકાતા હાથમાંથી ઉંચો થતા જ પતંગ સીધો આકાશી ઉડાન ભરી લેતા પતંગ રસિયાઓન ઠુમકા મારીને વધારે જોર કરવાની જરૂર પડી ન હતી એકબાજુ કોવિડના કહેર વચ્ચે ઉતરાયણ પર્વની ઉજવણી ફીક્કી પડી જશે તેમ લાગતુ હતુ ત્યારે સેકટરોમાં તેમજ ન્યુ ગાંધીનગરમાં મોટાભાગના વિસ્તારમાં ધાબા પર વિશેષ ભીડ જોવા મળી ન હતી અલબત્ત ગત વર્ષની સાપેક્ષમાં ધાબા પર હલ્લો કરવાનુ પતંગરસિયાઓએ ટાળ્યુ હતુ. ઘણાં પરિવારોએ એકમેકને ભેગા કરવાનુ ટાળ્યુ હતુ જયારે યુવાવર્ગે પણ પોતાના મિત્રોને ધાબે ન બોલાવવા તેમજ ભીડ ભેગી ન





● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર છેલ્લા એક સપ્તાહથી ઠંડુગાર : પારો સિંગલ ડીઝીટમાં

**આજે પણ લઘુત્તમ તાપમાન ૭.૩ ડીગ્રી : ૧૧ કીમી પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાયો : છેલ્લા એક અઠવાડીયાથી ઠંડીનો પારો ૭ થી ૮ ડીગ્રીની વચ્ચે સ્થિર : કાતિલ ઠંડીથી જનજીવન પ્રભાવિત**



ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી કાતિલ ઠંડીની ગિરફતમાં છે. આકરી ઠંડીએ સૌને બાનમાં લીધા છે. કાતિલ કોલ્ડવેવના લીધે જનજીવન સુન્ન પડી ગયુ છે. છેલ્લા એક અઠવાડીયાથી ઠંડીનો પારો ૭ થી ૮ ડગ્રીની આસપાસ જ જોવા મળે છે. અલબત્ત લાંબા સમયથી લઘુત્તમ તાપમાન સિંગ્લ ડીઝીટમાં છે. જયારે ઉતરાયણ અને વાસી ઉતરાયણના દિવસે પણ આકરી ઠંડી અને સુસવાટા મારતા ઠંડા પવનના લીધે નગરજનો કોલ્ડવેવમાં ઠુંઠવાયા હતા. આજે પણ ઠંડીનો પારો ૭. ૩ ડીગ્રી રહ્યો હતો જયારે પવનની ગતિ પણ પ્રતિકલાક ૧૧ કીમી ની રહી હતી જેના લીધે સવારથી જ આકરી ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. રજાના દિવસોમાં કોરોનાના કહેર વચ્ચે ઠંડીનુ જોર વધતા નગરજનો ઘરમાં પુરાયેલા રહ્યા હતા.

**છેલ્લા એક સપ્તાહમાં ઠંડીનો મિજાજ**

| | |
|---|---|
| તા. ૯ | ૭.૩ ડીગ્રી |
| તા. ૧૦ | ૭.૧ ડીગ્રી |
| તા. ૧૧ | ૮.૩ ડીગ્રી |
| તા. ૧૨ | ૮.૨ ડીગ્રી |
| તા. ૧૩ | ૮.૭ ડીગ્રી |
| તા. ૧૪ | ૭.૮ ડીગ્રી |
| તા. ૧૫ | ૭.૩ ડીગ્રી |

ગાંધીનગરમાં છેલ્લા એક અઠવાડીયાથી ઠંડીનો પારો ૭ થી ૮ ડીગ્રીની વચ્ચે જોવા મળી રહ્યો છે. લઘુત્તમ તાપમાન એક સપ્તાહથી સિંગ્લ ડીઝીટમાં છે. જયારે ઠંડીના આક્રમણ વચ્ચે સુસવાટા મારતા બર્ફિલા પવનના લીધે કોલ્ડવેવ વધુ અસહ્ય બન્યા છે. નગરજનો આકરી ઠંડીથી મુંઝવણ અનુભવી રહ્યા છે. કાતિલ ઠંડીએ નગરને છેલ્લા એક સપ્તાહથી બાનમા લીધુ છે. ગત તા ૯ જાન્યુઆરીના રોજ ઠંડીનો પારો ઉગ્ર બનતા ૭.૩ ડીગ્રી તાપમાન નોંધાયુ હતુ. જાન્યુઆરીમાં વાતાવરણ પલ્ટાના લીધે વાદળિયા વાતાવરણ વચ્ચે અચાનક જ ઠંડી વધી ગઇ હતી જેના લીધે ૧૪ ડીગ્રીની આસપાસ રહેતા લઘુત્તમ તાપમાનમાં અગાઉ એક જ દિવસમાં ઠંડીનો પારો ૮ ડીગ્રી ઉંચકાયો હતો. ઠંડીના કહેર વચ્ચે પવન પણ તેજ ગતિએ ફુંકાતા કોલ્ડવેવની અસર બેવડાઈ હતી. છેલ્લા એક સપ્તાહમાં લઘુત્તમ તાપમાન ૭.૩ ડીગ્રીથી ૮.૭ ડીગ્રી વચ્ચે ચઢ ઉતર થયુ હતુ જયારે આજે સપ્તાહના અંતે પણ ઠંડીનો પારો ફરી પાછો ૭.૩ ડીગ્રીએ આવી પહોંચ્યો હતો. ઉતરાયણના દિવસે પણ લઘુત્તમ તાપમાન ૭.૮ ડીગ્રી રહ્યુ હતુ જયારે આ દિવસે પવન પણ વધુ હોવાના લીધે નગરજનો ધાબા પર આકરી ઠંડીમાં ઠંઠવાયા હતા.જયારે આજે પણ ઠંડીનો પારો ૭.૩ ડીગ્રી આવી ગયો હતો ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનુ જોર વધ્યુ હતુ જયારે આજે પવનનુ જોર પણ ગઈકાલ કરતા પણ વધુ રહ્યુ હતુ પ્રતિકલાક ૧૧ કીમીની ઝડપે પવન ફુંકાયો હતો. જેના લીધે શહેરીજનો દિવસ દરમિયાન ગરમ કપડામાં લપેટાયેલા રહ્યા હતા. એકબાજુ કોરોનાનો કહેર વધી રહ્યો છે. ત્યારે ઠંડીએ પણ ઉગ્ર મિજાજ દાખવતા નગરજનો પાસે ઘરમાં પુરાયેલા રહ્યા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. ઠંડીની અસરના લીધે ઉતરાયણના દિવસે સવારે

● અનુસંધાન પાન-૭ પર

## ઉતરાયણના પર્વમાં એક મહીલા અને એક પુરુષ ધાબા પરથી નીચે પટકાતા ગંભીર ઈજા

**કાતિલ દોરીના લીધે એક બાળક, એક મહીલા અને બે યુવાનોને પણ ગળા તેમજ હાથના ભાગમાં ઇજા થતા સિવિલમાં સારવાર આપવામાં આવી : સે-૨૭ માં પોલીસ લાઇનમાં રહેતી મહીલાને ગળાના ભાગે દોરી વાગતા ૧૫ ટાંકા લેવાની ફરજ પડી : સે-૧૩ ધાબા પરથી પડવાના લીધે પુરુષને માથાના ભાગે ગંભીર ઇજા**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં ઉતરાયણના પર્વ દરમિયાન પતંગ દોરીની મજા વચ્ચે અબોલ પક્ષીઓને ઈજા થઈ હતી જયારે પતંગની કાતિલ દોરીના લીધે એક બાળક સહીત કુલ ચારને ઈજા થવા પામી હતી. જયારે સે-૧૩ માં એક પુરુષ ધાબા પરથી નીચે પટકાતા તેને માથાના ભાગે ગંભીર ઈજા થવા પામી હતી. જેને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા જયારે સે-૨૬ માં એક મહીલા ધાબા પરથી નીચે પડતા તેણીને ઈજાઓ થવા પામતા સારવાર માટે સિવિલમાં ખસેડાયા હતા. સે-૨૭ ની મહીલાને પણ ગળામાં દોરી વાગતા ૧૫ ટાંકા લઈને સારવાર આપવામાં આવી હતી.

ગાંધીનગરમાં ઉતરાયણનુ પર્વ શાંતિપુર્ણ અને ઉલ્લાસથી સંપન્ન થયુ હતુ પરંતુ પતંગની કાતિલ દોરીથી અનેક પક્ષીઓ પણ ઘવાયા હતા અબોલ પક્ષીઓની સારવાર માટે હેલ્પલાઈન મારફતે સારવાર કેન્દ્રો પણ સક્રીય રહ્યા હતા જેના આધારે પક્ષીઓને નવી ઉડાન આપવાનુ ઉમદા કાર્ય પણ કરવામાં આવ્યુ હતુ જો કે કાતિલ દોરીના લીધે પક્ષીઓના મોત પણ નિપજયા હતા જયારે દરવર્ષની જેમ નાગરિકો દોરી વાગવાથી પણ ઘાયલ થયા હતા. ઉતરાયણના પર્વ દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

**ચોથી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



જીવન એવું જીવી ગયા કે ભુલશું નહીં,
વિદાય એવી લીધી કે
અમે કદી વિસરશું નહિં,
છોડી અમારા સૌનો સાથ,
જઈ વસ્યા પ્રભુને પાસ
આપની અણધારી થઈ વિદાય
યાદ અમારા દિલમાં રહેશે સદાય,
પરમાત્મા આપના દિવ્ય
આત્માને પરમ શાંતિ અર્પે
એજ પ્રાર્થના...

**સ્વ. ભાવનાબેન નવિનચંદ્ર ધ્રુવ** સ્વર્ગવાસ ૧૫-૦૧-૨૦૧૮

**જયેશ, સંજય, દિલીપ** (પુત્રો)
**હિના, રશ્મી, ભાવના** (પૂત્રવધૂઓ)
**રોનક** (પૌત્ર) - **પૂજા** (પૌત્રવધૂ), **રોહન** (પૌત્ર)
**કિંજલ, ખ્યાતિ, ગ્રીષ્મા, દિયા** (પૌત્રીઓ)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com